



ધ્રાંગધ્રામાં રાજમહેલ મંદિરથી નીકળેલી શોભાયાત્રામાં 30 ફ્લોટો, ઢોલ નગારા સાથે ઘોડા ગાડી, ઉંટગાડીઓ સાથે શહેરના મુખ્યમાર્ગો પર ફરી હતી. **તસવીર:મનોહરસિંહરાણા**



પાટડીમાં અષાઢી બીજ નિમિત્તે ભવ્ય રથયાત્રા નીકળી હતી. **તસવીર:મનીષપારીક**



સુરેન્દ્રનગરમાં રામપીરમંદિરોમાંથી બારબીજના ધણીની શોભાયાત્રા નીકળી હતી.

ગાડી, ઉંટગાડીઓ સાથે શહેરના મુખ્યમાર્ગો પર ફરી હતી. જેમાં અખાડની ટીમોએ અંગકસરતના દાવ રજૂ કર્યા હતા. જ્યારે રાસ અને ભજન મંડળીઓએ ભજનોની રમઝટ બોલાવી હતી.શોભયાત્રા મોસાળ હળવદ રોડ કાન્તીભાઈ પટેલને ત્યાં પહોંચતા ભવ્ય સ્વાગત કરાયુ હતું. ત્યારબાદ ધર્મ સભા યોજાઇ હતી. આ પ્રસંગે ધ્રાંગધ્રા સંસ્કાર ધામ ગુરૂકુળના સ્વામી રામકૃષ્ણદાસ સ્વામી, ધર્મદર્શન સ્વામી, કેશવપ્રસાદ સ્વામી, રાજમહેલના મહંત ઉપસ્થિત રહ્યાં હતાં.

**પાટડી** | પાટડીમાં અષાઢી બીજ નિમીત્તે દરિયાલાલ મંદિરથી નીકળેલી રથયાત્રા દરબારી ચોક, પાંચહાટડી, ગણપતી મંદિર, વિજય ચોક, મેઈન બજાર અને આંબલી બજાર થઈને પરત દરિયાલાલ મંદિરે પહોંચી હતી. રથયાત્રાનું ઠેર ઠેર ઠંડા પાણી, શરબત અને ઠંડી છાશ દ્વારા ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે કમીજલાના મહંત જાનકીદાસ બાપુ અને દરિયાલાલ દેવના ઉપાસક શહેરાવાલે સાંઈ ઉપસ્થિત રહ્યા હતા.

**સુરેન્દ્રનગર** | સુરેન્દ્રનગરમાં વિવિધ રામપીરમંદિરોમાં બારબીજના ધણી રામાપીરની શોભાયાત્રાનુ આયોજન કરાયુ હતું. જેમાં ડીજે, ઢોલ નગારા, તથા વિવિધ ફ્લોટો સાથેની શોભાયાત્રા જયરામાપીરના નાદ સાથે શહેરના મુખ્યમાર્ગો પર ફરી હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. જ્યારે સાંજે મહાઆરતી અને મહાપ્રસાદનું પણ આયોજન કરાયુ હતું. જ્યારે વઢવાણ શહેરના મદિરોમાં અષાઢી બીજ નિમિતે જયજગન્નાથનો નાદ ગુંજી ઉઠ્યો હતો.

## હાર્દિક અભિનંદન



શ્રી ઘનશ્યામભાઈ દેથરીયા
પ્રમુખશ્રી,મોરબી જી.પ્રા.શિક્ષક સંઘ





શ્રી દિનેશભાઈ હુંબલ
મહામંત્રીશ્રી,મોરબી જી.પ્રા.શિક્ષક સંઘ
પ્રમુખશ્રી,માળીયા તા.પ્રા.શિક્ષક સંઘ

આપશ્રી ઘનશ્યામભાઈ દેથરીયા મોરબી જીલ્લા પ્રા.શિક્ષક સંઘની ચુટણીમાં ભવ્ય વિજય મેળવી મોરબી જીલ્લાનાં તમામ શિક્ષકોના પ્રશ્નોને વાચા આપવા માટે મોરબી જીલ્લા પ્રા.શિક્ષક સંઘના પ્રમુખ બન્યા અને આપશ્રી દિનેશભાઈ મોરબી જીલ્લા પ્રા.શિક્ષક સંઘના મહામંત્રી બન્યા તે બદલ અમો ખુબજ હર્ષની લાગણી અનુભવીએ છીએ આપ ઉત્તરોત્તર પ્રગતિ કરી શિક્ષકોના પ્રશ્નો હલ કરતા રહો એવી શુભેચ્છા સહ સાથે લાખ લાખ અભિનંદન

| | |
|---|---|
| રાજેશભાઈ ગાંભવા | અનીલભાઈ પારેજીયા (A.T) |
| હીરાભાઈ રાઠોડ | દિપકભાઈ ચૌહાણ |
| રાજેશભાઈ કોડીયા | મનુભાઈ રાઠોડ |
| બિપિનભાઈ ખરાડી | મેહુલભાઈ ગઢવી |
| અમીત પટેલ | લાલજીભાઈ વરમોરા |
| અલ્પેશ પટેલ | નિધિબેન પટેલ |
| | ટી.યુ. ચૌહાણ |